For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### પાણી પુરવઠાના કામો માટે રૂ. ૧.૪૦ કરોડની વધારાની નાણાકીય મંજૂરી

# રસ્તાના પેચવર્ક માટે કોન્ટ્રાકટરે ૩ વર્ષની ગેરંટી આપવી પડશે : સ્થાયીમાં નિર્ણય

**રોડ-રસ્તા,** પેવર બ્લોક અને પાણીની પાઇપલાઇનના કામોને વેગ મળશે

**સ્ટેન્ડિંગ** કમિટીમાં એકસાથે ૨૭ દરખાસ્તો પર મંજૂરીની મહોર



(પ્રતિનિધિ) વડોદરા તા.14

(પ્રતિનિધિ) વડોદરા. વડોદરા મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની મહત્વપૂર્ણ બેઠકમાં શહેરના વિવિધ ઝોન અને વોર્ડમાં નાગરિકોની પ્રાથમિક સુવિધાઓ તથા આંતરમાળખાકીય વિકાસને લગતી કુલ ૨૭ દરખાસ્તોને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. નવા ટેન્ડરોની પ્રક્રિયા પૂર્ણ ન થવાના કારણે વિકાસકામો અટકી ન પડે અને નાગરિકોને દૈનિક સુવિધાઓમાં મુશ્કેલી ન પડે તે માટે ચાલુ કામોની સમયમર્યાદા અને નાણાકીય મર્યાદામાં જરૂરી વધારો કરવાનો નિર્ણય લેવાયો છે.

પાણી પુરવઠા વિભાગ હેઠળ વોર્ડ નં. ૪, ૬, ૮, ૧૦, ૧૧ અને ૧૨માં પાઈપલાઈન તથા પાણી વિતરણને લગતા ચાલી રહેલા કામો માટે નાણાકીય મર્યાદા વધારવામાં આવી છે. વોર્ડ નં. ૧૪માં નવી કાસ્ટ આયર્ન પાઈપલાઈન નાખવાની કામગીરીને મંજૂરી આપવામાં આવી છે. જ્યારે વોર્ડ નં. ૭માં ઓછા ભાવના બેઝ પત્રથી નવા કામને સ્વીકારવામાં આવ્યું છે. પાણી પુરવઠા વિભાગના વિવિધ કામો માટે કુલ રૂ. ૧૪૦ લાખની નાણાકીય મર્યાદા વધારવાની દરખાસ્તને પણ મંજૂરી આપવામાં આવી છે. શહેરના માર્ગ-મકાન વિભાગને લગતા કામોમાં પણ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર ઝોનમાં રસ્તા, ફૂટપાથ તથા પેવર બ્લોકના ચાલી રહેલા કામોની નાણાકીય મર્યાદા વધારવા સાથે કામ પૂર્ણ કરવાની સમયમર્યાદામાં ત્રણ માસનો વધારો કરાયો છે. ચોમાસા સહિતની ઋતુઓમાં રસ્તાના પેચવર્કની ગુણવત્તા જળવાય અને વારંવારના બગાડથી ખર્ચ ન વધે તે માટે ૩ વર્ષની ગેરંટી સાથે એસ.ઓ.પી. પદ્ધતિથી કામોને મંજૂરી આપવામાં આવી છે. પર્યાવરણ અને શહેરના સુશોભીકરણને પણ બેઠકમાં પ્રાધાન્ય અપાયું હતું. ઉત્તર ઝોનમાં સિટી બ્યુટિફિકેશનના વિવિધ કામો હાથ ધરાશે. વૃક્ષોના જતન અને રક્ષણ માટે નવા ટ્રી ગાર્ડની ખરીદી તેમજ જી.એસ.સી.એલ.ની ટાંકીઓમાંથી વાહનો મારફતે પાણી વિતરણના ઈજારાને પણ મંજૂરી આપવામાં આવી છે. કમિટીના નિર્ણયથી શહેરના વિવિધ ઝોનમાં ચાલી રહેલા તેમજ અટકેલા વિકાસકામોને આગામી સમયમાં નવી ગતિ મળવાની શક્યતા છે.

## નવલખી મેદાનથી ગાંધીનગર ગૃહ સુધી હજારો નગરજનો જોડાયા; મહાનુભાવોના વેશભૂષા બન્યા આકર્ષણ



# તિરંગા સાથે ગુંજ્યું વડોદરા, દેશભક્તિના રંગે રંગાઈ ભવ્ય યાત્રા

**ભારત** માતાની આરતી સાથે સમાપન; હર્ષ સંઘવીની નશામુક્ત સમાજ માટે યુવાનોને અપીલ

(પ્રતિનિધિ) વડોદરા તા.14

નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં વડોદરા શહેરમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશપ્રેમ અને રાષ્ટ્રભક્તિના માહોલ વચ્ચે યોજાયેલી યાત્રામાં મોટી સંખ્યામાં નગરજનો તિરંગા સાથે જોડાયા હતા. યાત્રાના કારણે શહેરમાં સમગ્ર દિવસ દેશભક્તિનો માહોલ છવાયો હતો.

તિરંગા યાત્રાનો પ્રારંભ નવલખી મેદાનથી થયો હતો. પ્રારંભ પૂર્વે દેશભક્તિ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા હતા. આ કાર્યક્રમોમાં નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. યાત્રામાં મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ અને રવીન્દ્રનાથ ટાગોર સહિતના મહાનુભાવોના વેશભૂષામાં આવેલા લોકો વિશેષ આકર્ષણ બન્યા હતા. તેમની રજૂઆત દ્વારા



દેશના રાષ્ટ્રનિર્માણ અને સાંસ્કૃતિક વારસાની ઝલક જોવા મળી હતી.

બલૂન ઉડાડીને યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. નવલખી મેદાનથી નીકળેલી યાત્રા કીર્તિ સ્તંભ અને લાલ કોર્ટ થઈ ગાંધીનગર ગૃહ ખાતે પહોંચી હતી. સમગ્ર માર્ગ પર નગરજનો તિરંગા સાથે જોડાતા ગયા હતા. રસ્તામાં શહીદ ભગતસિંહ અને મહાત્મા ગાંધીની પ્રતિમાને હર્ષ સંઘવીએ પુષ્પહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

યાત્રા દરમિયાન હર્ષ સંઘવીએ બાળકો તેમજ દિવ્યાંગ ભાઈ-બહેનો સાથે આત્મીય મુલાકાત કરી તેમની ઉત્સાહભેર ભાગીદારીને બિરદાવી હતી. વિવિધ વર્ગના નાગરિકોની સહભાગિતાથી 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવના વધુ મજબૂત બની હતી.

ગાંધીનગર ગૃહ ખાતે પહોંચ્યા બાદ ભારત માતાની આરતી કરવામાં આવી હતી અને તેની સાથે તિરંગા યાત્રાનું સમાપન થયું હતું. આ પ્રસંગે હર્ષ સંઘવીએ યુવાનોને નશામુક્ત જીવન જીવવા અને નશાના દુષણથી દૂર રહેવા અપીલ કરી હતી. તેમણે યુવાનોને દેશનું ભવિષ્ય ગણાવી નશામુક્ત સમાજના નિર્માણમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો.

ડ્રગ્સના ગેરકાયદેસર કારોબાર સામે સરકારની કડક પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં તેમણે ડ્રગ્સ માફિયાઓ સામે કડક કાર્યવાહી કરવાની સ્પષ્ટતા કરી હતી. બ્રહ્મકુમારીઓ દ્વારા ઉપસ્થિતોને નશામુક્તિના શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં રાજ્યમંત્રી ડો. મનિષાબેન વકીલ, દંડક બાળકૃષ્ણભાઈ શુક્લ, સાંસદ ડો. હેમાંગ જોશી, મેયર ગીતાબેન મકવાણા, ધારાસભ્યો ચૈતન્યભાઈ દેસાઈ અને સતિષભાઈ પટેલ, ઉપમેયર આદિત્યભાઈ પટેલ, સ્થાયી ચેરમેન વર્ષાબેન વ્યાસ સહિત પોલીસ અને મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ તથા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પૂરક પાસ વિદ્યાર્થીઓને કોલેજ પ્રવેશનું સંકટ

(પ્રતિનિધિ) વડોદરા તા.14

સેન્ટ્રલ બોર્ડની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે કોલેજ પ્રવેશનો પ્રશ્ન ઊભો થયો છે. રાજ્યમાં જીકાસ (GCAS) પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોવાથી આ વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવી શક્યા નથી. બીજી તરફ આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજોમાં હજુ પણ બેઠકો ખાલી છે. નિયમ મુજબ જીકાસમાં રજિસ્ટ્રેશન વિના કોલેજમાં સીધો પ્રવેશ આપી શકાતો નથી.

આ મુદ્દે વિદ્યાર્થી સંગઠનના કાર્યકરોએ કેસીજી સ્થિત જીકાસ કચેરીએ રજૂઆત કરી હતી. પૂરક પરીક્ષા પાસ વિદ્યાર્થીઓ માટે જીકાસ પોર્ટલ ફરી શરૂ કરવા, પ્રવેશની મુદત લંબાવવા અને ખાલી બેઠકો પર પ્રવેશ આપવાની માગણી કરવામાં આવી છે. સંગઠનોએ ચેતવણી આપી છે કે સમયસર નિર્ણય નહીં લેવાય તો અનેક વિદ્યાર્થીઓનું એક વર્ષ બગડી શકે છે. માંગ નહીં સ્વીકારાય તો વિરોધ કરવાની ચીમકી પણ અપાઈ છે.

### ૨ કલાક સુધી ઓટો માટે ૧૦ અને ટેક્સી માટે ૨૦ ચાર્જ નક્કી કરાતા ચાલકો લાલઘૂમ

# રેલવે સ્ટેશન પર ઓટો-ટેક્સી પાર્કિંગના નવા દર સામે રિક્ષાચાલકોનો વિરોધ

**ઓનલાઈન** સેવા સામે કોઈ ચાર્જ વસૂલવામાં નહી આવતો હોવાના આક્ષેપ



(પ્રતિનિધિ) વડોદરા,તા.14

વડોદરા રેલવે સ્ટેશન ખાતે પશ્ચિમ રેલવે દ્વારા ઓટો-ટેક્સી પાર્કિંગ માટે નવા દર જાહેર કરતા આજે રિક્ષાચાલકોએ એકત્ર થઈ વિરોધ નોંધાવ્યો હતો. જાહેર કરેલા નવા દર મુજબ 2 કલાક સુધી ઓટો માટે 10 અને ટેક્સી માટે 20 ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે. જેનો વિરોધ કરવા ઓટો રિક્ષા યુનિયનના આગેવાનો અને ચાલકો સ્ટેશન પર એકઠા થયા હતા.

ઓટો રિક્ષા યુનિયનના આગેવાન જીવણભાઈ અને બિલાલભાઈએ જણાવ્યું કે, અમે શ્રમજીવી રિક્ષાચાલકો છીએ. અગાઉ ડીઆરએમ અને નડિયાથી લઈને તળિયા સુધીની સરકાર દ્વારા અમારી સુવિધાઓ ઓછી કરવામાં આવી. પહેલા અહીંનું બાથરૂમ તોડ્યું, ગેટ બંધ કર્યો. હવે પેટ ન ભરાયું હોય તેમ પ્રવેશ ફી પણ વધારી દીધી. આજથી 5 વર્ષ પહેલા પણ કોન્ટ્રાક્ટર દ્વારા નવા દર લાગુ કરાયા હતા. ત્યારે, અમે વિરોધ કર્યો હતો અને અમારી વાત માન્ય રાખી દર રદ કરાયા હતા. હવે ફરી 5 વર્ષે કોન્ટ્રાક્ટર બદલાતા ફરીથી નવા દર લાગુ કરાયા. રિક્ષાચાલક રાત દિવસ મહેનત કરીને માંડ 100-200 કમાય છે. જો દિવસમાં 5 વખત સ્ટેશનમાં પ્રવેશ કરીએ તો 50 અને 10 વખત કરીએ તો 100 માત્ર પાર્કિંગમાં જતા રહે. અમે અહીં સગાને લેવા નથી આવતા, અમે સેવા આપીએ છીએ. જ્યારે સફેદ નંબરની ગાડીઓ બેફામ દોડે છે તેના પર કાર્યવાહી થતી નથી. આખા ગુજરાતમાં આ મુદ્દે અમારો વિરોધ ચાલી રહ્યો છે. યુનિયનના આગેવાનોએ વધુમાં કહ્યું કે, અમે એક પણ રૂપિયો નહીં આપીએ. 5 વર્ષ પહેલાના કોન્ટ્રાક્ટરને પણ અમે ભગાડ્યા હતા અને આને પણ ભગાડીશું. સંસ્કારી નગરીના ત્રણેય યુનિયન આજે એક સાથે છે. જો જરૂર પડશે તો ગાંધી ચીંધ્યા માર્ગે ભૂખ હડતાળ અને આંદોલન પણ કરીશું. જ્યાં સુધી પૈસા લેવાનું બંધ નહીં થાય ત્યાં સુધી અહીંથી એક પણ રિક્ષા નહીં હલે. રેલવે ખાતરી આપે કે ચાર્જ નહીં લેવાય ત્યારે જ અમે કામ શરૂ કરીશું.

## ડિપ્લોમા કોલેજોમાં ૨૯૦૦ બેઠકો ખાલી

(પ્રતિનિધિ) વડોદરા તા.14

સરકારી ડિપ્લોમા એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયામાં ગેરવ્યવસ્થાના કારણે આ વર્ષે આશરે 2900 બેઠકો ખાલી રહી છે. પ્રથમ વખત ઓફલાઈન રાઉન્ડ યોજાયો ન હોવાથી ત્રણ ઓનલાઈન રાઉન્ડ પૂર્ણ થયા છતાં મોટી સંખ્યામાં બેઠકો ભરાઈ શકી નથી. રાજ્યમાં કુલ 22,213 બેઠકોમાંથી અત્યાર સુધી 19,342 બેઠકો ભરાઈ છે. અખિલ ભારતીય ટેકનિકલ શિક્ષણ પરિષદે પ્રવેશ પ્રક્રિયાની અંતિમ તારીખ 14 ઓગસ્ટ સુધી લંબાવી છે. તંત્રના જણાવ્યા મુજબ ઓનલાઈન પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની ઓછી ભાગીદારી અને સમયસર દસ્તાવેજો ન મળવાથી બેઠકો ખાલી રહી છે. નિષ્ણાતોના મતે 14 ઓગસ્ટ સુધી બેઠકો નહીં ભરાય તો સરકારી કોલેજોને આર્થિક નુકસાન સાથે અનેક વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહી શકે છે.

### વિઝા કરાવી આપવાની લાલચ આપી પાસપોર્ટ સહિત દસ્તાવેજો પડાવી લીધા

# કેનેડા મોકલવાના બહાને સોમાતળાવ વિસ્તારમા રહેતા યુવક સાથે રૂ. ૧.01 લાખની છેતરપિંડી

**રૂપિયા** પરત માંગતા યુવકને જાનથી મારી નાખવાની ધમકી

(પ્રતિનિધિ) વડોદરા તા.14

કેનેડા ખાતે નોકરી અપાવવાની લાલચ આપી વડોદરાના એક યુવક પાસેથી અલગ-અલગ સમયે કુલ રૂ.1.01 લાખ પડાવી લેવાના અને પાસપોર્ટ સહિતના મહત્વના દસ્તાવેજો મેળવી પરત ન આપવાના આક્ષેપ સાથે બે શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. દસ્તાવેજો અને નાણાં પરત માંગતા આરોપીઓએ રૂપિયા બે લાખ આપવાની માંગણી કરી તેમજ પાસપોર્ટ ફાડી નાખવા, સળગાવી દેવા અને પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

વડોદરાના સોમાતળાવ વિસ્તારમાં રહેતા 39 વર્ષીય જીગ્નેશભાઈ ભાટીયાને તેમના મિત્ર હિતેશ પરમારે આકાશ જાની અને પાર્થ મુલાણી કેનેડા ખાતે નોકરી માટે લોકોને મોકલવાનું કામ કરતા હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ જીગ્નેશભાઈની આકાશ જાની અને પાર્થ મુલાણી સાથે મુલાકાત થઈ હતી. બંનેએ કેનેડામાં રેસ્ટોરન્ટમાં નોકરી અપાવવાની અને પાંચ દિવસમાં વિઝા મંજૂર કરાવી આપવાની ખાતરી આપી હતી. આ માટે પ્રાથમિક ફી, મેડિકલ, વિઝા પ્રક્રિયા, વીએફએસ એપોઇન્ટમેન્ટ અને અન્ય ખર્ચના નામે જીગ્નેશભાઈ પાસેથી અલગ-અલગ સમયે ઓનલાઈન તેમજ રોકડ રકમ લેવામાં આવી હતી. રૂ.1.01 લાખ ચૂકવ્યા હોવાનું જણાવાયું છે. ત્યારબાદ તેમને અમદાવાદમાં મેડિકલ કરાવવા લઈ જવામાં આવ્યા હતા અને બાદમાં દિલ્હી બોલાવી દસ્તાવેજો તથા પાસપોર્ટ લેવામાં આવ્યો હતો. દિલ્હીના વીએફએસ સેન્ટર ખાતે દસ્તાવેજોની તપાસ દરમિયાન કાગળો અધૂરા અને ખોટા હોવાનું જણાતા વિઝા પ્રક્રિયા થઈ શકી નહોતી. ત્યારબાદ આકાશ જાની પાસપોર્ટ અને દસ્તાવેજો પોતાની પાસે લઈ ગયો હતો. બ્લુ ડાર્ટ મારફતે દસ્તાવેજો કેનેડા મોકલવામાં આવ્યા હોવાની ખોટી માહિતી આપ્યા બાદ તપાસ કરતા પાર્સલ વડોદરા પરત આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું. જોકે, પાર્સલ પણ આકાશ જાની દ્વારા સ્વીકારી લેવામાં આવ્યું હતું. આ પછી જીગ્નેશભાઈએ પોતાના પાસપોર્ટ, દસ્તાવેજો અને આપેલા રૂપિયા પરત માંગતા આકાશ જાનીએ વધુ રૂ.2 લાખની માંગણી કરી હતી. રૂપિયા નહીં આપે તો પાસપોર્ટ ફાડી કે સળગાવી નાખવાની, વિવિધ જગ્યાએ બ્લોક કરાવી દેવાની તેમજ ઘરે માણસો મોકલી મારપીટ કરાવવાની ધમકી આપી હતી. ઉપરાંત પરિવારને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હોવાનું જણાવાયું છે. આ સમગ્ર મામલે જીગ્નેશભાઈ ભાટીયાએ આકાશ દિનેશચંદ્ર જાની અને પાર્થ કિશોરભાઈ મુલાણી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી છે.

## NEET પ્રવેશમાં તારીખો લંબાતા મૂંઝવણ

(પ્રતનિધિ) વડોદરા તા.14

NEET-PG અને UGના ઓલ ઈન્ડિયા 15% ક્વોટાની પ્રવેશ પ્રક્રિયાની તારીખો લંબાતા ગુજરાતની સ્ટેટ ક્વોટાની એડમિશન પ્રક્રિયા પણ થંભી ગઈ છે. ઓલ ઈન્ડિયા ક્વોટા માટે રજિસ્ટ્રેશનની અંતિમ તારીખ 15 ઓગસ્ટ, ચોઈસ ફિલિંગ 17 ઓગસ્ટ અને સીટ ફાળવણીનું પરિણામ 18 ઓગસ્ટે જાહેર થશે. ખાલી બેઠકોની વિગતો 26 ઓગસ્ટે જાહેર કરાશે.

આ ફેરફારની સીધી અસર ગુજરાતની સ્ટેટ ક્વોટા પ્રક્રિયા પર પડી છે. અગાઉ 14 ઓગસ્ટે મેરિટ લિસ્ટ અને 18 ઓગસ્ટથી ચોઈસ ફિલિંગ શરૂ થવાનું હતું, પરંતુ હવે શેડ્યૂલ બદલાશે. એડમિશન કમિટી મુજબ ઓલ ઈન્ડિયા પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સ્ટેટ ક્વોટાની કાર્યવાહી હાથ ધરાશે. આ વર્ષે ઓલ ઈન્ડિયા ક્વોટામાં 16,430 અને સ્ટેટ ક્વોટામાં 16,540 બેઠકો માટે નોંધણી થઈ છે. રાઉન્ડ-1 માટે 16,221 વિદ્યાર્થીઓ નોંધાયા છે. સુધારેલું શેડ્યૂલ ટૂંક સમયમાં જાહેર થશે.

### નર્સિંગ સ્ટાફે બ્રેઈન ડેડ દર્દીઓના પરિવારજનોનું કાઉન્સેલિંગ કરી અંગદાન માટે પ્રેરણા આપી

# તિરંગા સાથે ગુંજ્યો 'અંગદાન મહાદાન'નો સંદેશ

**તબીબી** અધિક્ષક ડો. રંજન ઐયરે અભિયાનને વધુ વ્યાપક બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૪

વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રણેતા દિલીપદાદા દેશમુખની પ્રેરણાથી 'અંગદાન મહાદાન'ના ભવ્ય સંદેશ સાથે એક વિશેષ જનજાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાષ્ટ્રભક્તિ અને માનવસેવાનો અદ્ભુત સમન્વય જોવા મળ્યો હતો, જ્યાં સહભાગીઓએ હાથમાં રાષ્ટ્રધ્વજ તિરંગો અને 'અંગદાન મહાદાન'ના સંદેશ અંકિત કરેલી વિશેષ છત્રીઓ સાથે 'વંદે માતરમ' અને 'ભારત માતા કી જય'ના સૂત્રોચ્ચાર કરી રાષ્ટ્રભક્તિની સાથેસાથે અંગદાનનો સંદેશો ફેલાવ્યો હતો.

કાર્યક્રમમાં હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. રંજન ઐયરે જણાવ્યું હતું કે, અમે અંગદાન મહાદાન અભિયાનને આગળ વધારવા માટે પૂર્ણપણે પ્રયત્નશીલ છીએ અને આગામી વર્ષોમાં આ અભિયાનને વધુ વ્યાપક અને લોકભોગ્ય બનાવીશું. હોસ્પિટલમાં દર્દીઓની સૌથી નજીક નર્સિંગ સ્ટાફ રહેતો હોવાથી દર્દીઓનો તેમના પર અતૂટ ભરોસો હોય છે.

આ પ્રસંગે ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલાએ જણાવ્યું હતું કે, અંગદાન પ્રવૃત્તિના પ્રણેતા અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ દિલીપદાદા દેશમુખે પોતાના શરીરમાં અંગ પ્રત્યારોપણ બાદ સમગ્ર જીવન અંગદાન સેવાકાર્યમાં સમર્પિત કર્યું છે, ત્યારે બ્રેઈન ડેડના કિસ્સામાં અવશ્ય અંગદાન થાય એ બાબતે જાગૃત થઈ પ્રત્યેક નાગરિકે અંગદાનનું જનઆંદોલન છેડવું અત્યંત જરૂરી છે.


આ ભવ્ય જનજાગૃતિ અભિયાનમાં તબીબી અધિક્ષક ડો. રંજન ઐયર, આર.એમ.ઓ. ડો. હિતેન્દ્ર ચૌહાણ, ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા, TNAIના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ દીપકમલ વ્યાસ, નર્સિંગ એસોસિએશનના પ્રમુખ હિતેશ ભટ્ટ, મેડિકલ સર્વન્ટ અર્બન કો-ઓપરેટિવ સોસાયટીના પ્રમુખ કમલેશ પરમાર, લોકલ એસોસિએશનના પ્રમુખ નિલકંઠ પટેલ તેમજ નર્સિંગ સુપ્રિન્ટેન્ડેન્ટઓ વિરલબેન શુક્લા, હિરલબેન ગોસાઈ, સુજાતાબેન મકવાણા સહિત આસિસ્ટન્ટ નર્સિંગ સુપ્રિન્ટેન્ડેન્ટઓ, હોદ્દેદારો, વોર્ડ ઈન્ચાર્જ અને મોટી સંખ્યામાં નર્સિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.


SOT SCHOOL OF TECHNOLOGY

SOS SCHOOL OF SCIENCE

SOM & E School of Management & Entrepreneurship

GSFC UNIVERSITY EDUCATION RE-ENVISIONED



ABOUT US

GSFC University, established in 2014 as a CSR initiative of Gujarat State Fertilizers and Chemicals Ltd., is a compact, industry-integrated boutique institution committed to societal progress through quality education.

FIREPLEX-AGNISANKUL

FirePlex-AgniSankul, a Centre of Excellence having state-of-the-art Fire & Safety training facility setup to impart training to students and industry personnel's in the area of Fire & Safety. This has set a new benchmark in Fire & Safety Training.

GUIITAR COUNCIL

GU Incubation Innovation Technology and Applied Research (GUIITAR) Council has been established by GSFC University (GSFCU) at Vadodara, dedicated to promote and support creativity, innovation and spirit of enterprise among young minds and innovators. GUIITAR Council is registered under section 8 of Companies Act, 2013.

USP'S / OUR DIFFERENTIATORS

- Student Internship Program (SIP) with no semester break
- Faculty Internship Program (FIP)
- 45+ State-of-the-art Laboratories
- Student Managed Clubs (SMCs)
- GUIITAR Incubation & Innovation Center
- President's Initiative for Nurturing Unlimited Potentials of Students (PINUPS)
- Visiting Faculty from Industries
- Student Participative Management
- Digital Campus System (DCS)
- Multidisciplinary Education
- Parent-Teacher Meeting (PTM) & Townhall Meeting (TM)
- Foundation Course (FC)
- Student Academic Associates (SAAs)

Scalers:

Students: 3400+ | Faculties: 165+
Placements: 800+ | Publications: 200+
Programs: 21 | Collaborations: 900+
Alumni: 3000+ | Research Labs: 45+

GSFC University
ANVIKSHA, Fertilizernagar, Vadodara
For more information
Call us at 0265-3093740 / +91 7573002444 or
log on to www.gsfcuniversity.ac.in

Follow Us on